# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦ Web Site : https://gpsc.gujarat.gov.in

## સુધારો

### પોલીસ ઇન્સ્પેક્ટર ( બિન હથિયારધારી )વર્ગ-૨(જાહેરાત ક્રમાંક : ૧૧૨/૨૦૧૮-૧૯)

આયોગ દ્વારા તા.૧૫/૧૨/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરાત ક્રમાંક : ૧૧૨/૨૦૧૮-૧૯ પોલીસ ઇન્સ્પેક્ટર ( બિન હથિયારધારી )વર્ગ-૨ની જગ્યાઓ પર ભરતી કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની નીચે દર્શાવ્યા મુજબ જગ્યાની સંખ્યામાં સુધારો પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ સુધારો સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગોના નાગરીકો/વ્યક્તિઓ માટે સેવા/જગ્યાઓ પર નિમણૂકોમાં ૧૦% અનામત સંબંધે તથા સામાન્ય વહિવટ વિભાગના તા. ૦૬/૦૨/૨૦૧૯ના પરિપત્રની જોગવાઈ સંબંધે કરવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર **તા.૧૮/૦૩/૨૦૧૯ (૧૩-૦૦ કલાક) થી તા.૧૮/૦૪/૨૦૧૯ (૧૩-૦૦ કલાક)** દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે.

**નોંધ :** (૧) આ જગ્યા માટે પ્રિલિમિનરી પરીક્ષા સંભવત: **તા. ૩૦/૦૬/૨૦૧૯** ના રોજ યોજવામાં આવશે.
(૨) પ્રિલિમિનરી પરીક્ષાનું પરિણામ સંભવત: **ઓગસ્ટ- ૨૦૧૯** માં પ્રસિધ્ધ કરવામાં આવશે.
(૩) શારીરિક ક્ષમતા અને માપ કસોટીનો સંભવિત માસ : **સપ્ટેમ્બર -૧૯**
(૪) મુખ્ય લેખિત પરીક્ષા સંભવત: **તા.૧૮/૦૧/૨૦૨૦ અને તા.૧૯/૦૧/૨૦૨૦** ના રોજ યોજવામાં આવશે.
(૫) મુખ્ય પરીક્ષાના પરિણામનો સંભવિત માસ : **અપ્રિલ -૨૦**
(૬) રૂબરૂ મુલાકાત સંભવત: **મે-૨૦૨૦** માં યોજવામાં આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | સા. શૈ.પ.વ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | સા. શૈ.પ.વ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ | ૬૦ | ૨૫ | ૦૬ | ૧૬ | ૦૪ | ૦૯ | ૦૮ | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૨ | - | ૦૧ |

**અગત્યની સૂચના :**

**(૧)** આયોગ દ્વારા તા.૧૫/૧૨/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ જનરલ કેટેગરીના જે ઉમેદવારો હવે આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરીમાં સમાવેશ થતો હોય તેવા ઉમેદવારોએ ફરીથી આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરી અંતર્ગત અરજી કરવાની રહેશે.

**(૨)** જે ઉમેદવારો મૂળ જાહેરાતમાં અરજી કરી શક્યા નથી તેવા તમામ કેટેગરીના ઉમેદવારો સુધારેલ જાહેરાત અન્વયે ફરીથી અરજી કરી શકશે પરંતુ ઉંમર માટે મૂળ જાહેરાતમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ એટલે કે તા.૩૧/૧૨/૨૦૧૮ ગણતરીમાં લેવામાં આવશે.

**(૩)** જે ઉમેદવારોએ મૂળ જાહેરાતમાં અરજી કરેલ છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ મૂળ સુધારેલ જાહેરાતમાં ફરીથી અરજી કરવાની રહેશે નહી.

**(૪)** જે ઉમેદવારોએ મૂળ જાહેરાતમાં અરજી કરેલ છે તેવા સા.શૈ.પ.વ/અનુ.જાતિ/અનુ.જન.જાતિ વર્ગના ઉમેદવારોએ સુધારેલ જાહેરાતમાં ફરીથી અરજી કરવાની રહેશે નહી.

**(૫)** આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં ૪૫ વર્ષથી વધે નહિ તે રીતે પાંચ વર્ષ સુધી છૂટછાટ મળવાપાત્ર રહેશે. આર્થિક રીતે નબળા વર્ગોની મહિલા ઉમેદવારના કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં ૪૫ વર્ષથી વધે નહિ તે રીતે ૧૦ વર્ષ સુધી છૂટ છાટ મળવાપાત્ર રહેશે.

**(૬)** આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ પરીક્ષા ફી ચૂકવવાની રહેશે નહી.

**(૭)** આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫.૦૧.૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS Category હેઠળ આવે છે તે મતલબનુ પ્રમાણપત્ર)ના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.તથા આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે.

**(૮)** મૂળ જાહેરાત અન્વયે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ વર્ષ ૨૦૧૮-૧૯ની હોઇ, તા. ૦૧/૦૪/૨૦૧૬ ના રોજ કે ત્યારબાદનું પરંતુ સુધારા જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરવામાં આવેલ “ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર” Non Creamy Layer Certificate (NCLC) માન્ય ગણાશે. પરંતુ તે પ્રમાણાત્ર સુધારા જાહેરાત અન્વયે ઓન લાઇન અરજી કરવાની છેલ્લી તારીખ બાદનું હોવુ જોઇએ નહિ.( અર્થાત, NCLC પ્રમાણપત્ર તા.૦૧.૦૪.૨૦૧૬ થી તા.૧૮.૦૪.૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ હોવું જોઇએ.)

**(૯)** આ સુધારા જાહેરાતમાં જણાવ્યા સિવાયની બધી જ જોગવાઇઓ તા.૧૫/૧૨/૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરાત ક્રમાંક : ૧૧૨/૨૦૧૮-૧૯ મુજબ જ રહેશે.

**તા.૧૮.૦૩.૨૦૧૯**